
# શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ

**સંચાલિત**

# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ, લાખણી

# વાર્ષિક અહેવાલ – વર્ષ ૨૦૨૧/૨૨



# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ, લાખણી

# વાર્ષિક અહેવાલ – વર્ષ ૨૦૨૧/૨૨

-: સંપાદક :-

**શ્રી પ્રકાશકુમાર સુથાર**

ગોલ્ડ મેડાલિસ્ટ, પ્રોફેસર,

ભારત દેશના ૭૫ યુવા લેખકોમાં સમાવિષ્ટ યુવા લેખક

-: પ્રકાશક :-

**શ્રી બળવંતભાઈ વી. ચૌધરી**

પ્રમુખશ્રી

શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન & ચેરિટેબલ ટ્રસ્ટ, લાખણી

-: ડિઝાઇન એડિટિંગ :-

**શ્રી સુરેશભાઇ આર. ચૌધરી**

ક્લાર્કશ્રી

શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન & ચેરિટેબલ ટ્રસ્ટ, લાખણી

**-: સ્થળ :-**

લાખણી –જસરા રોડ, નવા બસ સ્ટેશનની નજીક

મુ. પો. તા. –લાખણી, જિ. બનાસકાંઠા –૩૮૫૫૩૫

Web :- https://krishnacollegelakhani.org/

કૉલેજ હેલ્પ લાઇન નંબર –૯૯૦૪૩ ૯૬૯૮૩

પ્રમુખશ્રી મો. નં. – ૯૯૭૯૨ ૧૩૦૭૩

આચાર્ય મો. નં. – ૯૪૨૭૫ ૧૨૧૩૧

ક્લાર્ક મો. નં. –૮૪૦૧૯ ૫૨૫૩૩

99043 96983 @krishnaartscollege

Krishna_education_campus Krishna Education Campus

# -: અનુક્રમણિકા :-


| ક્રમ | વિગત | પેજ નંબર |
|---|---|---|
| ૧ | સંપાદકીય | ૦૧ |
| ૨ | આચાર્યશ્રીની કલમે | ૦૩ |
| ૩ | સુવિધા – ફેશ ડિટેક્ટ મશીન | ૦૪ |
| ૪ | ટીમ ક્રિષ્ના | ૦૫ |
| ૫ | કૉલેજની માહિતી | ૦૫ |
| ૬ | સપ્તધારા | ૦૬ |
| ૭ | શિષ્યવૃત્તિ સમિતિ  અહેવાલ | ૦૮ |
| ૮ | વ્યાયામ ખેલકૂદ ધારા  અહેવાલ | ૧૧ |
| ૯ | સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અહેવાલ | ૧૨ |
| | કૉલેજની અભ્યાસેત્તર પ્રવૃતિઓ વર્ષ – ૨૦૨૧/૨૨ | |
| ૧૦ | ➢ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી | ૧૩ |
| ૧૧ | ➢ કૉલેજ પ્રવેશોત્સવ | ૧૪ |
| ૧૨ | ➢ વૃક્ષારોપણ કાર્યક્રમ | ૧૫ |
| ૧૩ | ➢ ગાંધી જયંતીની ઉજવણી | ૧૬ |
| ૧૪ | ➢ નવરાત્રિ મહોત્સવની ઉજવણી | ૧૮ |
| ૧૫ | ➢ નમો ક્વિઝ સ્પર્ધાનું આયોજન | ૧૯ |
| ૧૬ | ➢ સ્વચ્છતા અભિયાન | ૨૦ |
| ૧૭ | ➢ કારકિર્દી માર્ગદર્શન સેમિનાર | ૨૧ |

| | | |
|---|---|---|
| ૧૮ | ➢ તાલુકા કક્ષાની વકતવ્ય સ્પર્ધા | ૨૨ |
| ૧૯ | ➢ ગીતા જયંતીની ઉજવણી | ૨૩ |
| ૨૦ | ➢ રંગોળી અને મહેંદી સ્પર્ધાઓનું આયોજન | ૨૪ |
| ૨૧ | ➢ રસીકરણ ડ્રાઈવનું આયોજન | ૨૬ |
| ૨૨ | ➢ સ્વામી વિવેકાનંદ જયંતીની ઉજવણી | ૨૭ |
| ૨૩ | ➢ પતંગોત્સવનું આયોજન | ૨૮ |
| ૨૪ | ➢ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી | ૨૯ |
| ૨૫ | ➢ પ્રજાસત્તાક દિવસની ઉજવણી | ૩૦ |
| ૨૬ | ➢ સૂર્ય નમસ્કાર કાર્યક્રમ | ૩૧ |
| ૨૭ | ➢ માતૃભાષા દિવસની ઉજવણી | ૩૨ |
| ૨૮ | ➢ યુનિવર્સિટી પરીક્ષાનું આયોજન | ૩૩ |
| ૨૯ | ➢ દાંડીયાત્રા દિવસની ઉજવણી | ૩૪ |
| ૩૦ | ➢ રંગોત્સવની ઉજવણી | ૩૫ |
| ૩૧ | ➢ જળ દિવસની ઉજવણી | ૩૫ |
| ૩૨ | ➢ પોલિયો રસીકરણ | ૩૬ |
| ૩૩ | ➢ ફિલ્ડ મુલાકાત | ૩૭ |
| ૩૪ | ➢ તેજસ્વી તારલાઓ | ૩૮ |
| ૩૫ | ➢ અમે ન્યૂઝમાં... | ૪૦ |

# -: સંપાદકીય :-

॥ ज्ञात्वात्मस्थममृतं विश्वधाम ॥

પ્રાચીન સમયમાં ઉત્તર ગુજરાત આનર્ત પ્રદેશના નામે ઓળખાતું હતું. તેમાં વર્તમાનમાં બનાસકાંઠાના નામે ઓળખાતા જિલ્લાના પ્રદેશનો સમાવેશ થતો હતો. આ બનાસકાંઠા જિલ્લામાં લાખણી તાલુકો આવેલો છે. આ લાખણી પંથકનો ઈતિહાસના કાળપટ્ટમાં હિંદવાણી પ્રદેશમાં સમાવેશ કરવામાં આવે છે.

લાખણી પંથકના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવીને દુનિયા સાથે કદમ મિલાવી શકે તે માટે અત્યાધુનિક શૈક્ષણિક સંકુલની અનિવાર્યતા જણાતાં તે હેતુને સિદ્ધ કરવા માટે લાખણી ખાતે માં હિંગળાજના સાનિધ્યમાં શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન અને ચેરિટેબલ ટ્રસ્ટની રચના કરવામાં આવી અને શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ નામે વર્ષ ૨૦૨૧ માં એક નાનકડા શૈક્ષણિક બીજને વાવવામાં આવ્યું હતું. આ નાનકડા બીજમાં શ્રી ક્રિષ્ના આર્ટ્સ કૉલેજ, શ્રી ક્રિષ્ના એસ. આઈ. કૉલેજ, શ્રી ક્રિષ્ના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય, શ્રી ક્રિષ્ના પ્રાથમિક શાળા નામે અનેક વિદ્યાશાખાઓ તબક્કાવાર તૈયાર થઈ છે. આ કેમ્પસમાં કૉલેજ શરૂ કરવા માટે હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં મંજૂરી માંગવામાં આવી. પરંતુ જૂના અને બિનવ્યવહારુ નિયમોના કારણે મંજૂરી મેળવવામાં ખૂબ અગવડતાઓ પડેલી. પરંતુ લાંબા સંઘર્ષ બાદ યુનિવર્સિટી દ્વારા શરતી મંજૂરી આપવામાં આવતાં શ્રી ક્રિષ્ના આર્ટ્સ કૉલેજના નામાભિધાન સાથે શૈક્ષણિક વર્ષ જૂન ૨૦૨૧માં પૂર્ણકાલિન કૉલેજ પ્રસ્થાપિત કરવામાં આવી.

ટ્રસ્ટ દ્વારા યુનિવર્સિટીની કઠિન શરતોને ખૂબ ટૂંકા સમયગાળામાં પરિપૂર્ણ કરીને મજબૂત ઈચ્છાશક્તિ અને સામૂહિક પ્રયાસોના પરિણામે સુંદર સંકુલનું નિર્માણ કરવામાં આવ્યું. ઉચ્ચ ગુણવત્તાલક્ષી શિક્ષણ મળી રહે તે માટે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા અધ્યાપકોની નિમણૂક કરવામાં આવી. જેના પરિણામે લાખણી તાલુકામાં સૌથી વધુ વિદ્યાર્થીઓએ ક્રિષ્ના આર્ટ્સ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. શ્રી ક્રિષ્ના આર્ટ્સ કૉલેજ, લાખણીમાં વિનયન વિદ્યાશાખામાં મુખ્ય વિષય તરીકે ગુજરાતી, અંગ્રેજી, ઈતિહાસ અને સમાજશાસ્ત્ર જેવા વિષયોમાં અભ્યાસ કરીને વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી ઘડી રહ્યા છે.

યુનિવર્સિટી દ્વારા બનાસકાંઠા જીલ્લામાં સૌપ્રથમવાર જૂન ૨૦૨૧માં શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં ડિપ્લોમા ઇન હેલ્થ & સેનેટરી ઇન્સપેક્ટર કોલેજ અને ડિપ્લોમા ઇન ફાયર & સેફ્ટી કૉલેજને મંજૂરી આપવામાં આવી હતી. એસ. આઈ. કોલેજમાં વિદ્યાર્થીઓનો વ્યાપક પ્રતિસાદ મળતાં બીજું ડિવિઝન શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં હાલમાં ૧૬૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ટ્રસ્ટ દ્વારા નાના બાળકોને પાયાના કૌશલ્ય સાથે જીવન ઘડતરના મૂલ્યોના સિંચનની સાથે સાથે ઘર આંગણે ગુણવત્તાલક્ષી શિક્ષણ, શિસ્ત અને સંસ્કારયુક્ત શિક્ષણ મળી રહે તે હેતુથી પ્રાથમિક અને માધ્યમિક શાળા શરૂ કરવા માટે પરવાનગી માંગવામાં આવતાં શિક્ષણ વિભાગ દ્વારા શાળા શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવતાં જૂન – ૨૦૨૨ થી કેમ્પસમાં ધોરણ ૧ થી ૧૨ શરૂ કરવામાં આવનાર છે.

કેમ્પસમાં હેલ્પલાઇન સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને વ્યક્તિગત માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ સિવાય, વાલીઓની ચિંતા ઓછી કરવા માટે એપ્લિકેશન બનાવીને ખાસ સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે. જેમાં કેમ્પસમાં વિદ્યાર્થી પ્રવેશે ત્યારે અને છૂટે ત્યારે ફેશ ડિટેક્ટ મશીનમાં ફેશ અને ફિંગર પ્રિન્ટ આપે છે. વિદ્યાર્થી સિસ્ટમની પ્રક્રિયા પૂર્ણ કરે તેની બે સેકન્ડમાં જ મશીન દ્વારા સીધો મેસેજ વાલીને મોકલવામાં આવે છે. આ સિસ્ટમ દરેક વાલીને બાળક શાળા-કોલેજમાં પહોંચ્યાનો અને છૂટ્યાનો સમય તારીખ સાથેનો મેસેજ મોકલે છે.

કેમ્પસમાં વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી અભ્યાસેત્તર પ્રવૃત્તિઓનું આયોજન સમયાંતરે કરવામાં આવી રહ્યું છે. જેમાં ભાગ લઈ વિદ્યાર્થીઓ પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવી રહ્યા છે. કૉલેજની પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓને ન્યૂઝ પેપરો અને ટી.વી. ચેનલોમાં સ્થાન આપીને પત્રકારશ્રીઓ વિદ્યાર્થીઓને અને કૉલેજ પરિવારને પ્રોત્સાહન પૂરું પાડી રહ્યા છે.

## -: ભવદીય :-

**શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ પરિવાર વતી**

**શ્રી પ્રકાશકુમાર સુથાર**

**ગોલ્ડ મેડાલિસ્ટ, પ્રોફેસર**

**દેશના ૭૫ યુવા લેખકોમાં સમાવિષ્ટ યુવા લેખક**

# આચાર્યશ્રીની કલમે..

શિક્ષણએ વ્યક્તિત્વ ઘડતર, સમાજ અને રાષ્ટ્રનિર્માણ માટે પાયાનું અને અનિવાર્ય અંગ બની ગયું છે. ઉચ્ચશિક્ષણ સમાજને કુશળ, નિષ્ઠાવાન, મહેનતુ અને મૂલ્યવાન યુવાધન આપે છે. મૂલ્યવાન યુવાધન તૈયાર કરવાના ઉદ્દેશ સાથે લાખણી ખાતે માં હિંગળાજના સાનિધ્યમાં શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ નામે વર્ષ ૨૦૨૧માં એક નાનકડા શૈક્ષણિક બીજને વાવવામાં આવ્યું હતું. આ સંસ્થાના શૈક્ષણિક વર્ષ ૨૦૨૧/૨૨ ના "વાર્ષિક અહેવાલ'ને આપ સૌ સમક્ષ પ્રસ્તુત કરવાનું સદ્દભાગ્ય અમને મળ્યું તે બદલ અમો ગૌરવાન્વિત છીએ.

શિક્ષકની નિષ્ઠા એજ શાળા-કોલેજની પ્રતિષ્ઠા છે. તેને પોતાનો જીવનમંત્ર બનાવીને અથાક પરિશ્રમના ફળરૂપે સંસ્થાએ ૪૭૫ વિદ્યાર્થીઓ અને વાલીઓના ભરોસાને પ્રતિપાદિત કર્યો છે. કોલેજની શિક્ષણ યાત્રામાં સૌથી મહત્વની બાબત સૌ સંસ્થાને ઘર માનીને એક પરિવારના તાંતણે બંધાઈને સૌ કાર્ય કરી રહ્યા છે. પરિવારના સર્વે સદસ્યોનો હૃદયના ઉમળકાથી આભાર માનું છું.

કૉલેજ કેમ્પસ સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ શૈક્ષણિક અને સહાભ્યાસિક પ્રવૃત્તિઓથી ધમધમતું રહ્યું છે. શૈક્ષણિક, સાંસ્કૃતિક, રમત-ગમત અને સંશોધન ક્ષેત્રે કૉલેજનું નામ સતત ધબકતું રહ્યું છે. વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે-સાથે આર્થિક રીતે મદદ કરી શકાય તે માટે સરકારશ્રીની વિવિધ શિષ્યવૃત્તિની યોજનાઓનો લાભ અપાવવામાં સંસ્થા જિલ્લામાં અગ્રેસર રહી છે.

કેળવણીનું કલ્પવૃક્ષ બનવા જઇ રહેલ સંસ્થાએ એક વર્ષમાં કરેલાં કાર્યોના લેખાં-જોખાંની યશગાથા દર્શાવતો અહેવાલ તૈયાર કરવાનો વિચાર કોલેજ પરિવારને આવ્યો. આ વિચારને હકીકતમાં ફેરવવાની જવાબદારી શ્રી પ્રકાશકુમાર સુથાર અને શ્રી સુરેશભાઇ ચૌધરીને સોંપવામાં આવી હતી. તેમણે જવાબદારીને સહર્ષ સ્વીકારીને સૌ સ્નેહીજનોના સાથ-સહકારથી તૈયાર કરેલ વાર્ષિક અહેવાલને રજૂ કરતાં આનંદની લાગણી અનુભવું છું.

**~ ભવદીય ~**
**પ્રા. પ્રવિણભાઇ બી. વજીર**
**આચાર્યશ્રી**
**શ્રી ક્રિષ્ના આર્ટ્સ કૉલેજ, લાખણી**

**સુવિધા : કેમ્પસમાં વિદ્યાર્થીનો પ્રવેશ થતાં અને છૂટતાં વાલીને મેસેજ મોકલાય છે !**




### લાખણીના શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં સિસ્ટમ વિકસાવવામાં આવી

# ઘરેથી નીકળેલ બાળક શાળાએ પહોંચ્યું કે નહીં ? હવે વાલીઓને તુરંત ખબર પડી જશે

## વિદ્યાર્થીઓ કેમ્પસમાં પ્રવેશતાં અને છૂટતાં વાલીઓને મેસેજ મોકલાય છે!

(રખેવાળ ન્યૂઝ) લાખણી, તા.૨૫

આજના સાંપ્રત સમયમાં શિક્ષણની સાથે સાથે શાળા કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓને કાયમ એક ચિંતા રહેતી હોય છે, કે બાળક શાળાએ પહોંચી ગયુ હશે કે કેમ? શાળાએથી ક્યારે છુટશે? આવા પ્રશ્નોના સમાધાન માટે બનાસકાંઠા જિલ્લાના લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં એક સિસ્ટમ વિકસાવવામાં આવી છે.

વાલીઓની ચિંતા ઓછી કરવા માટે કેમ્પસમાં કેમ્પસ એપ્લિકેશન બનાવીને ખાસ સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે. જેમાં કેમ્પસમાં વિદ્યાર્થી પ્રવેશે ત્યારે અને છૂટે ત્યારે ફેશ ડિટેક્ટ મશીનમાં ફેશ અને ફિંગર પ્રિન્ટ આપે છે. વિદ્યાર્થી સિસ્ટમની પ્રક્રિયા પૂર્ણ કરે તેની બે સેકન્ડમાં જ મશીન દ્વારા સીધો મેસેજ વાલીને મોકલવામાં આવે છે. જો કોઈ વિદ્યાર્થી ગેરહાજર હોય તો પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી ગેરહાજરનો મેસેજ મોકલવામાં આવે છે. લાખણીના શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં આ સિસ્ટમ જૂન ૨૦૨૧થી કાર્યરત છે. કેમ્પસ દ્વારા વિકસાવવામાં આવેલી સિસ્ટમે વાલીઓને ચિંતા મૂક્ત કર્યા છે. હાલમાં દરેક વાલીને બાળક શાળા કોલેજમાં પહોંચ્યાનો અને છૂટ્યાનો સમય તારીખ સાથેનો મેસેજ પહોંચી જાય છે.આ સિસ્ટમનો લાભ કેમ્પસમાં ચાલતી શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ, શ્રી ક્રિષ્ના એસ. આઈ. કોલેજ, હાઈસ્કૂલ અને પ્રાથમિકના વિદ્યાર્થીઓને મળે છે.

### વિદ્યાર્થીઓની હાજરીનો રેકર્ડ સ્ટોર કરે છે

૧ કેમ્પસમાં વિદ્યાર્થીઓની હાજરી માટે સોફટવેરની સિસ્ટમ વિકસાવવામાં આવી છે., ૨ સિસ્ટમમાં એન્ટ્રી કરવા માટે વિદ્યાર્થીઓના ફેશ અને ફિંગર પ્રિન્ટ રેકર્ડ કરવામાં આવેલા છે., ૩ વિદ્યાર્થી કેમ્પસમાં પ્રવેશે ત્યારે સિસ્ટમમાં ફેશ ડિટેક્ટ કરે છે અને ફિંગર આપે છે., ૪ દરેક વિદ્યાર્થીને સિસ્ટમમાં હાજરી પૂર્યા પછી જ કલાસરૂમમાં પ્રવેશ આપવામાં આવે છે., ૫ વિદ્યાર્થી શાળા-કોલેજ પૂરી કરીને નીકળે ત્યારે એજ પ્રક્રિયામાંથી પસાર થાય છે., ૬ આ સિસ્ટમ વિદ્યાર્થીઓનો આવવા - જવાનો રેકર્ડ સંગ્રહિત કરે છે., ૭ સિસ્ટમમાં દરેક વિદ્યાર્થીનાં નામ, રોલ નંબર અને વાલીઓના મોબાઈલ નંબર સ્ટોર કરેલા છે., ૮ વિદ્યાર્થી પ્રકિયામાંથી પસાર થયા બાદ બે સેકન્ડમાં જ વાલીને સમય તારીખ સાથેનો મેસેજ પહોંચી જાય છે., ૯ વિદ્યાર્થીઓ શાળા-કોલેજમાં ગેરહાજર રહેતો વાલીઓને મેસેજ મોકલાય છે.

### વાલીઓની ચિંતા હળવી કરવા માટે આયોજન કરાયું

વાલીઓની ચિંતા હળવી કરવા માટે સંસ્થા દ્વારા આધુનિક ટેક્નોલોજીથી સજ્જ સોફટવેર વિકસાવવામાં આવ્યું છે. વિદ્યાર્થી શાળા કોલેજમાં આવતાં અને જતાં ફેશ ડિટેક્ટ અને ફિંગર આપે છે. જેના કારણે વાલીઓ નિર્ભય રીતે બાળકને ભણવા મુકી રહ્યાં છે.

– પ્રવિણભાઈ વજીર આચાર્ય, શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ

# ટીમ ક્રિષ્ના

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | લાયકાત |
|---|---|---|---|
| | | -: શૈક્ષણિક સ્ટાફ :- | |
| ૧ | શ્રી પ્રવિણભાઈ વજીર | આચાર્યશ્રી | M.A., B.ed., Ph.D. (Pursuing) |
| ૨ | શ્રી મહિપાલસિંહ વાઘેલા | આસિ. પ્રોફેસર | M.A., M.ed. |
| 3 | શ્રી પ્રકાશકુમાર સુથાર | આસિ. પ્રોફેસર | M.A., M.phil., Ph.D. (Pursuing) |
| ૪ | શ્રી થાંનાભાઈ પટેલ | આસિ. પ્રોફેસર | M.A., B.ed. |
| ૫ | શ્રી અમરતભાઈ ચૌધરી | આસિ. પ્રોફેસર | B.Sc., B.ed. |
| | | -: બિન શૈક્ષણિક સ્ટાફ :- | |
| ૬ | શ્રી સુરેશભાઇ ચૌધરી | સિનિયર ક્લાર્ક | B.Sc. |
| ૭ | શ્રી મહેશભાઇ ચૌધરી | ક્લાર્ક | B.A. |

## શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં શૈક્ષણિક વર્ષ 2021/22માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની માહિતી

Faculty wise Analyst

| Class | Total students | Boys | Girls |
|---|---|---|---|
| F.Y.B.A. | 315 | 244 | 71 |
| D.H.S.I. | 160 | 151 | 09 |
| Total | 475 | 395 | 80 |
| **Total** | | **475** | |

99043 96983
@krishnaartscollege
Krishna_education_campus
Krishna Education Campus
www.krishnacollegelakhani.org

# સપ્તધારા

## (૧) જ્ઞાન ધારા

જ્ઞાન સત્ર, તજજ્ઞ વ્યાખ્યાન, નિબંધલેખન સ્પર્ધા, બૂક રિવ્યુ, જનરલ નોલેજ ટેસ્ટ, ડિબેટ, ક્વિઝ સ્પર્ધા વગેરે..

## (૨) ગીત-સંગીત ધારા

ગરબા મહોત્સવ અને લોક નૃત્ય, લોક વાદ્યોનો પરિચય અને તાલીમ, દેશભક્તિ ગીત-લોકગીત, હળવું કંઠ્ય સંગીત, શાસ્ત્રીય સંગીત, યુવક મહોત્સવ, લોક સંગીત વગેરે..

## (૩) સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા

કાવ્ય પઠન, કવિ સંમેલન, વક્તૃત્વ સ્પર્ધાઓ, નિબંધ સ્પર્ધા, પ્રાર્થના સ્પર્ધા, વાર્તાલેખન, અનુવાદ લેખન, સંસ્કૃત શ્લોકગાન, કાવ્યગીત, પાદપૂર્તિ સ્પર્ધા, નેતૃત્વ..

## (૪) નાટ્ય ધારા

નાટક, માઈમ, સ્કીટ અને એકપાત્રીય અભિનય, ભવાઈ અંગે તાલીમ, રંગભૂમિ કલાકારોનો પરિચય, વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ અભિનય સ્પર્ધાઓ...

## (૫) રંગકલા કૌશલ્ય ધારા

શીઘ્ર ચિત્ર સ્પર્ધા, રેખા ચિત્ર, તેલ રંગ કે જળરંગ સાથે માટી કામ અને હેન્ડી ક્રાફ્ટ સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, પોસ્ટર મેકિંગ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, કેશ ગૂંફન સ્પર્ધા, વેસ્ટમાંથી બેસ્ટ, ચાર્ટ લેખન..

## (૬) સામુદાયિક સેવા ધારા

રક્તદાન કેમ્પનું આયોજન, સર્વરોગ નિદાન કેમ્પ, સ્ત્રીભ્રૂણહત્યા અને જાગૃતિ કાર્યક્રમો, એચ.આઈ.વી. એઈડ્સ, NSS, NCC, વૃક્ષારોપણ, ગ્રામ સફાઈ, સામાજિક સર્વેક્ષણ, થેલેસેમિયા ટેસ્ટ, કેમ્પસ સફાઈ...

## (૭) વ્યાયામ ખેલકૂદ ધારા

યોગ શિબિર, માર્ગદર્શન અને તાલીમ, રમત ગમત અંગેની વિવિધ સ્પર્ધાઓ, એથ્લેટિક્સ સ્પર્ધાઓનું આયોજન, વિવિધ રમતો અંગેની જ્ઞાન કસોટી, રમતવીરોને પ્રોત્સાહન, સ્પોર્ટ્સ દિવસની ઉજવણી વગેરે..

| ક્રમ | ધારાનું નામ | સંયોજક |
|---|---|---|
| ૧ | જ્ઞાન ધારા | પ્રોફે. પી. જી. સુથાર |
| ૨ | ગીત-સંગીત ધારા | પ્રોફે. એમ. એ. વાઘેલા |
| ૩ | સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા | પ્રોફે. પી. જી. સુથાર |
| ૪ | નાટ્ય ધારા | પ્રોફે. પી.બી. વજીર |
| ૫ | રંગકલા કૌશલ્ય ધારા | પ્રોફે. એમ. એ. વાઘેલા |
| ૬ | સામુદાયિક સેવા ધારા | પ્રોફે. પી.બી. વજીર |
| ૭ | વ્યાયામ ખેલકૂદ ધારા | પ્રોફે. ટી. એન. પટેલ |

# શિષ્યવૃત્તિ સમિતિ અહેવાલ

## પ્રા. પ્રવિણભાઈ બી. વજીર

### નોડલ ઓફિસર અને સંયોજક – શિષ્યવૃત્તિ સમિતિ

**-: નેશનલ સ્કોલરશિપ યોજના - ૨૦૨૧/૨૨ :-**

શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓને આર્થિક રીતે ભણવામાં સહાય માટે કેન્દ્રની શિષ્યવૃત્તિ યોજનામાં ધોરણ ૧૨ માં ઉચ્ચ મેરીટ સાથે ઉતીર્ણ થયેલ અને કૉલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સરકારની આ યોજનામાં કૉલેજના ત્રણ વર્ષ પુરા કરે ત્યાં સુધી દર વર્ષે રૂ. ૧૦,૦૦૦/- શિષ્યવૃત્તિનો લાભ મળવા પાત્ર છે. જેમાં શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં અભ્યાસ કરતા ૨૦ વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે. જેમાં ભાઈઓ – ૦૮ અને બહેનો ૧૨ છે.

| Sr. No. | Student's Name | Cast | PR |
|---|---|---|---|
| 01 | SHIVABHAI MOTIBHAI CHAUDHARY | OBC | 97.46 |
| 02 | SUREKHABEN BHERABHAI RAJPUROHIT | OPEN | 97.04 |
| 03 | HAMIRSHA SHUBHANSHA JUNEJA | OBC | 96.74 |
| 04 | ARATIBEN BABULAL SONI | OPEN | 96.74 |
| 05 | ASHABEN MANJIBHAI CHAUDHARI | OBC | 95.65 |
| 06 | KIRANBHAI PRAKASHBHAI RANTOTAR | ST | 94.80 |
| 07 | ANITABEN PARKHAJI PUROHIT | OPEN | 93.84 |
| 08 | ALPESHBHAI PRADHANJI SOLANKI | OBC | 92.45 |
| 09 | KINJALBEN BHARATBHAI PANCHAL | OBC | 90.35 |
| 10 | CHETANABEN NATVARJI PARMAR | OBC | 89.24 |
| 11 | ARUNABEN BALVANTBHAI RAJPUROHIT | OPEN | 86.98 |
| 12 | RAHULJI KHEMJI MAKVANA | OBC | 86.13 |
| 13 | JAMNABEN SAMJIBHAI CHAUDHARY | OBC | 84.95 |
| 14 | KINJALBEN CHELABHAI CHAUDHARY | OBC | 83.71 |
| 15 | MANGALSINH MAHENDRASINH VAGHELA | OPEN | 82.66 |
| 16 | BHARATBHAI PRAHLADBHAI PANCHAL | SC | 82.38 |
| 17 | ANITABEN BALKABHAI RABARI | OBC | 81.56 |
| 18 | ASHOKBHAI SHIVARAMBHAI CHAUDHARY | OBC | 81.56 |
| 19 | KAILASHBEN RAMCHANDBHAI CHAUHAN | SC | 81.56 |
| 20 | NAYANABEN MANGALAJI SUTHAR | OBC | 80.73 |

# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન સ્કોલરશિપ યોજના - ૨૦૨૧/૨૨

શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓને આર્થિક રીતે ભણવામાં સહાય થવા માટે રાજ્ય સરકારની મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન શિષ્યવૃત્તિ યોજનામાં ધોરણ ૧૨ માં ઉચ્ચ મેરીટ સાથે ઉતીર્ણ થયેલ અને કૉલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સરકારની આ યોજનામાં કૉલેજના ત્રણ વર્ષ પુરા કરે ત્યાં સુધી દર વર્ષે ફીના ૫૦ % શિષ્યવૃત્તિનો લાભ મળવા પાત્ર છે. જેમાં શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં અભ્યાસ કરતા ૨૧ વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે.

| Sr. No | Student's Name | Cast | PR |
|---|---|---|---|
| 01 | SHIVABHAI MOTIBHAI CHAUDHARY | OBC | 97.46 |
| 02 | SUREKHABEN BHERABHAI RAJPUROHIT | OPEN | 97.04 |
| 03 | HAMIRSHA SHUBHANSHA JUNEJA | OBC | 96.74 |
| 04 | ARATIBEN BABULAL SONI | OPEN | 96.74 |
| 05 | ASHABEN MANJIBHAI CHAUDHARI | OBC | 95.65 |
| 06 | KIRANBHAI PRAKASHBHAI RANTOTAR | ST | 94.80 |
| 07 | ANITABEN PARKHAJI PUROHIT | OPEN | 93.84 |
| 08 | ALPESHBHAI PRADHANJI SOLANKI | OBC | 92.45 |
| 09 | KINJALBEN BHARATBHAI PANCHAL | OBC | 90.35 |
| 10 | DIPABHAI ROODABHAI MAJIRANA | ST | 90.17 |
| 11 | CHETANABEN NATVARJI PARMAR | OBC | 89.24 |
| 12 | ARUNABEN BALVANTBHAI RAJPUROHIT | OPEN | 86.98 |
| 13 | RAHULJI KHEMJI MAKVANA | OBC | 86.13 |
| 14 | JAMNABEN SAMJIBHAI CHAUDHARY | OBC | 84.95 |
| 15 | KINJALBEN CHELABHAI CHAUDHARY | OBC | 83.71 |
| 16 | MANGALSINH MAHENDRASINH VAGHELA | OPEN | 82.66 |
| 17 | BHARATBHAI PRAHLADBHAI PANCHAL | SC | 82.38 |
| 18 | ANITABEN BALKABHAI RABARI | OBC | 81.56 |
| 19 | ASHOKBHAI SHIVARAMBHAI CHAUDHARY | OBC | 81.56 |
| 20 | KAILASHBEN RAMCHANDBHAI CHAUHAN | SC | 81.56 |
| 21 | NAYANABEN MANGALAJI SUTHAR | OBC | 80.73 |

99043 96983
@krishnaartscollege
Krishna_education_campus
Krishna Education Campus
www.krishnacollegelakhani.org

## માનનીય મુખ્યમંત્રીશ્રી સ્કોલરશિપ યોજના - ૨૦૨૧/૨૨

શિક્ષણની સાથે સાથે શારીરિક રીતે અશક્ત અને અપંગ વિદ્યાર્થીઓને આર્થિક રીતે ભણવામાં સહાય થવા માટે રાજ્ય સરકારની માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનામાં કૉલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને રાજ્ય સરકારની આ યોજનામાં દર વર્ષે - ૧૦,૦૦૦/- એમ કૉલેજના ત્રણ વર્ષ પુરા કરે ત્યાં સુધી આ શિષ્યવૃત્તિનો લાભ મળવા પાત્ર છે. જેમાં શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં અભ્યાસ કરતાં ૦૨ વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે.

| No. | Student's Name | Cast | PR |
|---|---|---|---|
| 01 | PATEL VASRAMBHAI BHIKHABHAI | OBC | 34.30 |
| 02 | CHAUDHARI BHARATBHAI HARJIBHAI | OBC | 33.30 |

## ડિજિટલ ગુજરાતની વિવિધ શિષ્યવૃત્તિની યોજનાઓ

### સુરેશભાઇ આર.ચૌધરી

### નોડલ ઓફિસર અને સંયોજક – શિષ્યવૃત્તિ સમિતિ

વિદ્યાર્થીઓને ભણવામાં આર્થિક સહાય માટે રાજ્ય સરકાર દ્વારા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. તેનાં ઓનલાઈન ફોર્મ ડિજિટલ ગુજરાતની વેબસાઇટ પર ભરવામાં આવે છે. રાજ્ય સરકારની આ યોજનાનો આર્ટ્સ વિદ્યાશાખામાં અભ્યાસ કરતા ૨૭૪ વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે. જેમાં SC/ST વિદ્યાર્થીઓને દર વર્ષે કુલ ૧૧,૨૦૦/- રૂપિયા તથા OBC વિદ્યાર્થીઓને ૪,૧૦૦/- સ્કોલરશીપનો લાભ મળે છે.

| Cast | SC | ST | OBC | EWS | Total |
|---|---|---|---|---|---|
| Boys | 49 | 06 | 163 | 00 | 218 |
| Girls | 14 | 02 | 40 | 00 | 56 |
| Total | 63 | 08 | 203 | 00 | 274 |

# વ્યાયામ ખેલકૂદ ધારા  અહેવાલ

પ્રા. થાંનાભાઈ એન. પટેલ
સંયોજક - વ્યાયામ ખેલકૂદ ધારા




હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત ૩૨માં આંતર કૉલેજ રમતોત્સવમાં કોલેજમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા છ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ રમતોત્સવ હિંમતનગરના સાબર સ્ટેડિયમમાં ૨૨-૨૩-૨૪ ડિસેમ્બર, ૨૦૨૧ દરમ્યાન યોજાયો હતો. રમતોત્સવ દરમ્યાન ફ્લેગ માર્ચ અને વિવિધ સ્પર્ધાઓમાં ચૌધરી મુકેશભાઈ, ચૌધરી જગદીશભાઈ, ચૌધરી દાંનાભાઈ, ચૌધરી ભરતભાઈ, રબારી નરસિંહભાઈ, પરમાર હિતેશભાઈએ ભાગ લીધો હતો.

ગુજરાત સરકાર દ્વારા આયોજિત ૧૨માં ખેલ મહાકુંભમાં કોલેજના 30 વિદ્યાર્થીઓએ



ટીમ મેનેજર પ્રા. થાંનાભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ખેલ મહાકુંભમાં ભાગ લીધો હતો. જેમાં લવાણા ખાતે એથ્લેટિક્સ રમતો યોજાઈ હતી. જેમાં ચૌધરી ભાવનાબેન રાજાભાઈએ ૮૦૦ મીટર દોડમાં તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમ અને ઉંચી કૂદમાં તાલુકા કક્ષાએ



પ્રથમ ક્રમ અને ઠાકોર ચેતનાબેન દેવજીભાઈએ ૪૦૦ મીટર દોડમાં તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.



# સર્જનાત્મક અભિવ્યક્તિ દ્વારા અહેવાલ

## શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજના વિદ્યાર્થીએ વક્તવ્ય સ્પર્ધામાં જિલ્લામાં બીજો ક્રમ પ્રાપ્ત કર્યો

જી.ડી. મોદી કોલેજ પાલનપુર ખાતે નહેરુ યુવા કેન્દ્ર, પાલનપુર દ્વારા 'સૌનો સાથ સૌનો વિકાસ સૌનો વિશ્વાસ સૌનો પ્રયાસ' વિષય ઉપર જિલ્લા કક્ષાની વક્તવ્ય સ્પર્ધાનું આયોજન 17 ડિસેમ્બર 2021, શુક્રવારના રોજ કરવામાં આવ્યું હતું.

જેમાં લાખણી તાલુકામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ લાખણીના વિદ્યાર્થી ગૌતમ ગોહિલે ભાગ લીધો હતો. જેમાં તે બીજા ક્રમે ઉત્તીર્ણ થયો હતો. વિદ્યાર્થીને આયોજક સંસ્થાએ પ્રમાણપત્ર અને રૂ. ૨000 પ્રોત્સાહિત રકમ તરીકે આપીને સન્માનિત કર્યો હતો. શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ પરિવારે વિદ્યાર્થીને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.





NEHRU YUVA KENDRA, PALANAPUR
नेहरू युवा केन्द्र, पालनपुर
(An Autonomous Organization Under Ministry of Youth Affairs & Sports, Govt. of India)
(एक स्वायत संगठन, युवा कार्यक्रम एवं खेल मंत्रालय, भारत सरकार)
"Sabka Sath, Sabka Vikas, Sabka Vishwas, Sabka Prayas"
"सबका साथ, सबका विकास, सबका विश्वास, सबका प्रयास"
District / Block Level Declamation Contest Certificate
जिला स्तरीय भाषण प्रतियोगिता प्रमाणपत्र

This is to certify that Mr./Mrs./Ms. यह प्रमाणित दीया जाता है की श्री/श्रीमती/सुश्री Gohil Gautamkumar Nagajibhai S/D/W/o/पुत्र/पुत्री/पत्नी Nagajibhai Resident of Village/निवासी Lakhani District Banaskantha/जिला बनासकांठा State/राज्य GUJARAT Participated in District / Block Level Declamation Contest on patriotism and National Building as part of Republic Day Celebration, 2022 ने गणतंत्र दिवस समारोह, 2022 के हिस्से के रुप में देशभक्ति एवं राष्ट्रनिर्वाण पर जिला/तेहसील स्तरीय भाषण प्रतियोगिता में भाग लिया and secured — और Position second स्थान प्राप्त किया।

Place : Palanpur
(स्थान)
Date of Issue : 17/12/2021
(जारी करने की तिथि)

(District Youth Officer)
(जिला युवा अधिकारी)
Nehru Yuva Kendra, Palanpur
(नेहरू युवा केन्द्र, पालनपुर)

# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં વિશ્વ પર્યાવરણ દિવસે વૃક્ષારોપણ કરવામાં આવ્યું

તારીખ:- ૫ જૂન ૨૦૨૧, શનિવાર

***

શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં વિશ્વ પર્યાવરણ દિનના દિવસે પર્યાવરણ પ્રત્યે જાગૃતતા કેળવાય એ હેતુથી વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં વૃક્ષોની માવજત થાય તે હેતુસર પાણી બચાવવા માટે ડ્રીપ ઇરિગેશન ગોઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાખણી તાલુકાના વિવિધ સમાજના આગેવાનો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું. જેમાં લાખણી તાલુકા ભાજપ પ્રમુખશ્રી બાબરાભાઈ ચૌધરી, રમેશભાઈ ચૌધરી, સેંધાભાઇ પ્રજાપતિ, બાબુલાલ પાનકુટા તેમજ અન્ય આગેવાનો હાજર રહ્યા હતા અને પર્યાવરણ બચાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો.



# કૉલેજ પ્રવેશોત્સવ

**તારીખ:- 6 સપ્ટેમ્બર 2021, સોમવાર**









# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું

**તારીખ:- 17 સપ્ટેમ્બર 2021, શુક્રવાર**

***

**શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં જનનાયક, લોકપ્રિય, વિકાસપુરુષ તથા વૈશ્વિક ફલક પર માં ભારતના પરમવૈભવને પુનઃ સ્થાપિત કરાવવા દ્રઢસંકલ્પિત, રાજર્ષિ, ભારતવર્ષનું ગૌરવ તથા ગુજરાતની ધરાના સપૂત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિવસ નિમિત્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.**

**આ કાર્યક્રમમાં બાબરાભાઈ ચૌધરી પ્રમુખ લાખણી તાલુકા ભાજપ, સેંધાભાઈ પ્રજાપતિ, બાબુલાલ પાનકુટા, તેજાભાઈ ભુરીયા, અગરાજી ઠાકોર, લક્ષ્મણભાઈ પટેલ, હેમરાજભાઈ પટેલ, રમેશભાઈ પ્રજાપતી, હરિભાઈ ચૌધરી, મહેશભાઈ પટેલ, ક્રિષ્ના આર્ટસ કોલેજના પ્રમુખ બળવંતભાઈ વી. ચૌધરી, ટ્રસ્ટીઓ વિનોદભાઈ કે. પટેલ, ટી. એન. પટેલ, સુરેશભાઈ ચૌધરી તથા સ્ટાફગણ અને કૉલેજના વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ.**



# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં ગાંધી જયંતીની ઉજવણી કરવામાં આવી

**તારીખ:- 02 ઓક્ટોમ્બર 2021, શનિવાર**

***

**શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં 'આઝાદીના અમૃત મહોત્સવ' અંતર્ગત ગાંધી જયંતીની ઉજવણી ઉદ્દીશા પ્રકલ્પ અને સાંસ્કૃતિક સેલના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવી હતી.**

**કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રોફે. એમ. એ. વાઘેલાએ સ્વાગત પ્રવચન અને કૉલેજના ટ્રસ્ટી શ્રી તેજાભાઈ એન. પટેલે ઉદ્દઘાટન પ્રવચન આપીને કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે કૉલેજમાં ક્વિઝ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વક્તવ્ય સ્પર્ધા અને દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશભક્તિ ગીત સ્પર્ધામાં ૧૨ વિદ્યાર્થીઓએ, વક્તવ્ય સ્પર્ધામાં ૧૦ વિદ્યાર્થીઓએ, ક્વિઝ સ્પર્ધામાં ૮૦ વિદ્યાર્થીઓએ અને નિબંધ સ્પર્ધામાં ૧૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.**

**કાર્યક્રમમાં કૉલેજના પ્રમુખ શ્રી બળવંતભાઈ વી. ચૌધરી, ટ્રસ્ટીશ્રીઓ તેજાભાઈ એન. પટેલ, વિનોદભાઈ પટેલ, રમેશભાઈ પટેલ અને સુરેશભાઈ ચૌધરી સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.**



## ❖ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓની યાદી :

| ક્રમ | પ્રાપ્ત કરેલ ક્રમાંક | વિદ્યાર્થીનું નામ | વર્ગ |
|---|---|---|---|
| | | **દેશભક્તિ ગીત સ્પર્ધા** | |
| ૧ | ૧ | માળી સાવિત્રીબેન અને માળી શિલ્પાબેન | બી. એ . સેમ – ૧ |
| ૨ | ૨ | ચૌધરી મંજુલાબેન | બી. એ . સેમ – ૧ |
| ૩ | ૩ | પરમાર ચેતનાબેન અને પરમાર મંજુબેન | બી. એ . સેમ – ૧ |
| | | **વક્તવ્ય સ્પર્ધા** | |
| ૪ | ૧ | દેસાઈ દશરથભાઈ | બી. એ . સેમ – ૧ |
| ૫ | ૨ | ગોહિલ ગૌતમકુમાર | બી. એ . સેમ – ૧ |
| ૬ | ૩ | ચૌધરી ભાવનાબેન | બી. એ . સેમ – ૧ |
| | | **ક્વિઝ સ્પર્ધા** | |
| ૭ | | ગોહિલ ગૌતમકુમાર | બી. એ . સેમ - ૧ |
| ૮ | ૧ | ચૌધરી ભાવનાબેન | બી. એ . સેમ – ૧ |
| ૯ | | ઠાકોર શંભુભાઈ | બી. એ . સેમ – ૧ |
| ૧૦ | ૨ | પ્રજાપતિ અરવિંદભાઈ | બી. એ . સેમ - ૧ |
| ૧૧ | | સોલંકી નવીનભાઈ | બી. એ . સેમ – ૧ |
| ૧૨ | ૩ | ચમાર જિનલબેન | બી. એ . સેમ - ૧ |
| ૧૩ | | પરમાર મંજુબેન | બી. એ . સેમ – ૧ |
| ૧૪ | | મોદી વિક્રમભાઈ | બી. એ . સેમ – ૧ |
| ૧૫ | | મકવાણા રાહુલજી | બી. એ . સેમ - ૧ |
| ૧૬ | | ડાભી નારણભાઈ | બી. એ . સેમ – ૧ |
| | | **નિબંધ સ્પર્ધા** | |
| ૧૮ | ૧ | પુરોહિત માયાબેન | બી. એ . સેમ – ૧ |
| ૧૯ | ૨ | પરમાર ચેતનાબેન | બી. એ . સેમ – ૧ |
| ૨૦ | ૩ | દેસાઈ દશરથભાઈ | બી. એ . સેમ – ૧ |
| ૨૧ | | ચૌધરી વિષ્ણુભાઈ | બી. એ . સેમ – ૧ |

## શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં  નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી

**તારીખ:- 09 ઓક્ટોમ્બર 2021, શનિવાર**

***

**શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં એક દિવસીય નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌપ્રથમ કૉલેજના ટ્રસ્ટીશ્રીઓ, સ્ટાફગણ અને વિદ્યાર્થિનીઓ દ્વારા  માતાજીની આરતી કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રાદેશિક વેશભૂષાઓમાં સજ્જ થયેલાં ભાઈઓ અને બહેનો ડી.જે.ના તાલે ગરબા રમ્યાં હતાં.**

**આ કાર્યક્રમમાં કૉલેજના પ્રમુખ શ્રી બળવંતભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રીઓ તેજાભાઈ એન. પટેલ, વિનોદભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, કૉલેજના પ્રિન્સીપાલ પ્રો. પ્રવિણભાઈ વજીર, પ્રો. મહિપાલસિંહ વાઘેલા, પ્રો. થાંનાભાઈ પટેલ, સુરેશભાઈ ચૌધરી સહિત બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.**



# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં બ.કાં. સાંસદની ઉપસ્થિતિમાં નમો ક્વિઝ સ્પર્ધા યોજાઇ

**તારીખ:- 14 ઓક્ટોમ્બર 2021 , ગુરુવાર**

***

**શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં બનાસકાંઠા જિલ્લાના સાંસદ પરબતભાઈ પટેલ અને જીલ્લા ભાજપના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં જિલ્લા ભાજપના યુવા મોરચા દ્વારા નમો ક્વિઝ કોન્ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.**

**નમો ક્વિઝ કોન્ટેસ્ટમાં કૉલેજના ૧૨૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ક્વિઝ સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમે વિધિબેન ચૌહાણ, ગોવિંદભાઈ ચૌધરી, આશાબેન ચૌધરી, અરવિંદભાઈ ચૌધરી, કિંજલબેન પરમાર, નરેશભાઈ મકવાણા ઉત્તીર્ણ થયાં હતાં.**




**ક્વિઝ કોમ્પિટિશનના અંતે વિદ્યાર્થીઓને બિરદાવવા માટે બનાસકાંઠા જિલ્લાના સાંસદ પરબતભાઈ પટેલ, લાખણી તાલુકા ભાજપના પ્રમુખશ્રી બાબરાભાઈ પટેલ, યુવા મોરચાના પ્રદેશ કોષાધ્યક્ષ નરેશભાઈ ઠાકોર, રમેશભાઈ દેસાઈ, રૂડાભાઈ રાજપુત, સાગરભાઈ ગજ્જર, રામભાઈ રાજપુત, પ્રભાતસિંહ વાઘેલા, સવજીભાઈ રાજપુત, મેહુલભાઈ રાજપુત સહિત કૉલેજના ટ્રસ્ટીઓ અને સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.**

# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું

**તારીખ:- 29 ઓક્ટોબર 2021, શુક્રવાર.**

***

**શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં 'આઝાદીના અમૃત મહોત્સવ' નિમિત્તે ક્લિન ઈન્ડિયા અંતર્ગત સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તજજ્ઞ વક્તા શ્રી તેજાભાઈ એન. પટેલે સ્વચ્છતાનું મહત્વ અંગે વ્યાખ્યાન અને પ્રોફે. મહિપાલસિંહ વાઘેલાએ વિદ્યાર્થીઓને સ્વચ્છતા રાખવા અંગે માર્ગદર્શન આપ્યું હતું અને સ્વચ્છતા જાળવવાના શપથ લેવડાવ્યા હતા. કાર્યક્રમની આભાર વિધિ પ્રોફે. થાંનાભાઈ પટેલે કરી હતી. આ કાર્યક્રમમાં કૉલેજના પ્રમુખશ્રી બળવંતભાઈ વી. ચૌધરી, ટ્રસ્ટીશ્રી વિનોદભાઇ પટેલ, શ્રી તેજાભાઈ પટેલ, સુરેશભાઇ ચૌધરી અને સ્ટાફગણ સહિત બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં, વિદ્યાર્થીઓએ સ્વચ્છતા જાળવવાના શપથ લીધા હતા અને કેમ્પસની સાફ-સફાઈ કરી હતી.**



# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

**તારીખ:- 20 નવેમ્બર 2021, શનિવાર.**

***

**શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં આઠ ગામ આંજણા યુવક મંડળ દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કારકિર્દી માર્ગદર્શન સેમિનારમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે પી.આઈ. જે. બી. ચૌધરી, પી.આઈ. એમ. જે. ચૌધરી તથા હિરાભાઈ પુરોહિત સહિત વિવિધ તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં બાબરાભાઈ એન. ચૌધરી, હરિભાઈ ચૌધરી, નાગજીભાઈ પટેલ સહિત સમાજના આગેવાનો અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.**





# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં તાલુકા કક્ષાની વક્તવ્ય સ્પર્ધા યોજાઇ

**તારીખ:- 29 નવેમ્બર 2021, સોમવાર**

***

**શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં નહેરુ યુવા કેન્દ્ર સંગઠન લાખણી બ્લોક પ્રેરિત તાલુકા (બ્લોક) કક્ષાની વક્તવ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.**

**દેશભક્તિ અને રાષ્ટ્ર નિર્માણની થીમ ઉપર યોજાયેલ તાલુકા કક્ષાની વક્તવ્ય સ્પર્ધામાં તાલુકાની વિવિધ કૉલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વક્તવ્ય સ્પર્ધામાં હેતલબા વાઘેલા, ગૌતમભાઈ ગોહિલ અને અનિતાબેન પુરોહિતે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમમાં કૉલેજના ટ્રસ્ટી તેજાભાઈ પટેલ, પ્રોફે. મહિપાલસિંહ વાઘેલા, પ્રોફે. થાંનાભાઈ પટેલ, સુરેશભાઈ ચૌધરી અને નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન લાખણી બ્લોકના સદસ્યો અમીચંદ શ્રીમાળી, સાગર ગજ્જર, હિતેશ દેસાઈ, સંજય દેસાઈ સહિત બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.**



# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં ગીતા જયંતીની ઉજવણી કરવામાં આવી

**તારીખ:- 14 ડિસેમ્બર 2021, મંગળવાર.**

***

